શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુંક

વર્ષ : ૧૩
અંક : ૧૨

## મોંઘવારી

આપણા સમાજમાં ત્રણ વર્ગો જોવા મળે છે. શ્રીમંતવર્ગ, મધ્યમવર્ગ અને ગરીબવર્ગ.
શ્રીમંત વર્ગ ને મોંઘવારી સતાવતી નથી. તેને જીવન જરૂરિયાતના અને સુખ સગવડના બધા સાધનો સહેલાઈથી મળી રહે છે. તે અધતન સુખ સગવડો ભોગવે છે. સૌથી નીચલો વર્ગ એટલે ગરીબવર્ગ. આ વર્ગ સાધનોના અભાવથી ટેવાયેલો હોય છે. મોંઘવારીની સીધી અસર મધ્યમવર્ગને વધારે થાય છે. મધ્યમવર્ગમાં કમાનાર વ્યકિત એક હોય છે. અને ખાનાર અનેક હોય છે. આ વર્ગમાં નોકરીયાત વર્ગ અને સામાન્ય ખેડુત વર્ગનો સમાવેશ થાય છે. તેમના કુંટુંબની આવક મર્યાદિત હોય છે. આ વર્ગને બાળકોને ભણાવવા, કપડા, અનાજ વગેરે માટે સતત ખર્ચ કરવો પડે છે. કુંટુંબની કોઈ વ્યકિત ગંભીર માંદગીમાં સપડાઈ જાય ત્યારે તો તેના માથે દુઃખના ડુંગરો તુટી પડે છે. દાકતર અને દવાના બિલ ચુકવવા આંખે પાણી આવી જાય છે. એટલે મધ્યમવર્ગની સ્થિતી સુડી વચ્ચે સોપારી જેવી છે. મોંઘવારી વધે છે પરંતુ મધ્યમવર્ગના કુંટુંબની આવકમાં ખાસ વધારો થતો નથી. વિસ્ફોટક વસ્તીવધારો, અનાજનું ઓછું ઉત્પાદન વગેરે અનેક કારણોને લીધે મોંઘવારી દિવસે –દિવસે વધતી જાય છે.
મોંઘવારીના રાક્ષસને નાથ્યા વિના છુટકો નથી. તે માટે સરકારે અને પ્રજાએ જરૂરી પ્રયાસ હાથ ધરવા જોઈએ. અનાજનું વધું ઉત્પાદન થાય વસ્તીવધારો, સંગ્રહખોરી અને કાળાબજાર અકુંશમાં આવે તો જ મોંઘવારી અકુંશમાં આવી શકે. મોંઘવારી આર્થિક નીતીઓના કારણે કે સંગ્રહખોરીના કારણે પણ વધતી હોય છે. આવા સંજોગોમાં તે બાબતોનું નિયમન જરુરી છે. જે સૌના સહિયારા પ્રયાસથી જ આ શકય બનશે.

**– રાજેશ રાઠોડ**

આપણે સતત, થોડા બેવકુફોની રહેણીકરણી ઉપર નજર રાખીએ એટલે જીવનમાં આપણે શું નહી કરવુ જોઈએ એનુ જ્ઞાન આપોઆપ મળતુ રહે.

**– યાસીન દલાલ**

***સ્થગિત થઈને જીવે તે કેલેન્ડર, પ્રગતિશીલ થઈને જીવે તે માણસ.***

## હિન્દુ ધર્મની ઉતમ વસ્તુઓ

| | |
|---|---|
| (૧) પુસ્તકોમાં - ગીતા | (૨) પ્રાણીઓમાં - ગાય |
| (૩) પક્ષીઓમાં - ગરૂડ | (૪) પ્રવાહીમાં - ગંગાજળ |
| (૫) દેવોમાં - ગણપતિ | (૬) ભોજનમાં - કંસાર |
| (૭) પહાડમાં - હિમાલય | (૮) વાહનોમાં - રથ |
| (૯) તીર્થ માં - કાશી | (૧૦) ફળોમાં - નાળિયેર |
| (૧૧) નદીઓમાં - ગંગા | (૧૨) છોડમાં - તુલસી |
| (૧૩) શુકનમાં - કંકુ | (૧૪) ધર્મનું પ્રતિક - ૐ |

## કોણ શું કહે છે.

| | |
|---|---|
| (૧) ઘડિયાળ – સમય ચુકશો નહી. | (૨) ધરતી – સહનશીલ બનો. |
| (૩) દરિયો - વિશાળ દીલ રાખો. | (૪) વૃક્ષ – પરોપકારી બનો. |
| (૫) કીડી – સંગઠન બળ કેળવો. | (૬) કૂકડો - વહેલા ઊઠી કામે લાગો. |
| (૭) બગલો - કાર્યમાં ચિત પરોવો. | (૮) સૂર્ય - નિયમિત બનો. |
| (૯) મધમાખી – ઉદ્યમી બનો. | (૧૦) કોયલ – મીઠાં વચનો બોલો. |
| (૧૧) કુતરો - ધંધામાં વફાદાર રહો. | (૧૨) કાગડો - ચતુર બનો. |
| (૧૩) ગુલાબ–દુ:ખમાં પણ હસ્તા રહો. | (૧૪) દીવડો-પોતે બળી ઉજાશ આપો. |

## કોની આંખમાં શું ?

| | |
|---|---|
| (૧) માતાની આંખમાં - વાત્સલ્ય | (૨) પિતાની આંખમાં - કર્તવ્ય |
| (૩) ગુરૂની આંખમાં - જ્ઞાન | (૪) વીરની આંખમાં - નીડરતા |
| (૫) મિત્રની આંખમાં - સહાયતા | (૬) વિધવાની આંખમાં - ત્યાગ |
| (૭) બાળકની આંખમાં - નિર્દોષતા | (૮) સંતની આંખમાં - ક્ષમા |
| (૯) પત્નીની આંખમાં - પ્રેમ | (૧૦) ભાઇની આંખમાં - દયા |
| (૧૧) બહેનની આંખમાં - હેત | (૧૨) કવિની આંખમાં - કલ્પના |

facebook.com/GujjuRocks

*સુયોગ્ય પત્ની પરીવારની શોભા અને ગૃહની લક્ષ્મી છે.*

## કોશલ્યવર્ધક તાલિમનું આયોજન :–

અમરેલીમાં તા.૧૯/૧૨/૨૦૧૧ થી ૨૮/૦૧/૨૦૧૨ સુધી આરીભરતના વર્ગની શરૂઆત કરવામાં આવી છે. જેમાં આજુબાજુના ૩૬ જેટલા લાભાર્થી ઉત્સાહપૂર્વક જોડાયા છે. આ તાલીમ વર્ગનું શુભારંભ નાબાર્ડના ડી.ડી.એમ. નિલેશભાઈ શાહના શુભ હસ્તે કરવામાં આવ્યો હતો. આ તાલીમ દરમ્યાન દરેક તાલીમાર્થી પોતાની આવડત અનુસાર ૨૦ થી ૨૨ રૂપિયાનું પ્રતિકલાક આવક મેળવતા થશે. આ અગાઉ પણ અનેક તાલીમાર્થીઓ આવક મેળવતા થયા છે. હરિરાજ સંસ્થા દ્વારા આ વર્ગનું સંચાલન નાબાર્ડ સહાયિત એસડીઆઈ યોજના તળે કરવામાં આવી રહયું છે.





## વી.આર.ટી.આઈનો પ્રરેણાપ્રવાસ

વિવેકાનંદ રિસર્ચ અને ટ્રેનિંગ ઈન્સ્ટીટયુટ નલીયાના ૩૩ ખેડૂતો પ્રોડયુસર કંપનીના નિતી નિયમ, ઉદેશ અને ખેડૂતોને થતા ફાયદા તથા અમલીકરણ પ્રોસેંસ તેમજ અવિરત એગ્રો કંપની દ્વારા થતી કામગીરી જોવા તા.૮ તથા ૯/૧૨/૨૦૧૧ના રોજ શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર તથા અવિરત એગ્રો પ્રોડયુસર કંપની ખાંભાની મુલાકાતે આવ્યા હતા અને અમરેલી કાર્યાલય તથા ખાંભા તાલુકાના વાંકિયા(ભાડ) ગામે એક બેઠકનું આયોજન કર્યુ હતું તેમાં ઉપરોકત મુદાની જાણકારી કંપનીના ડાયરેકટરશ્રીઓ તથા કંપનીના સી.ઈ.ઓ.અને સંસ્થાના પ્રતિનિધિઓએ પૂરી પાડી હતી. બે દિવસના આ પ્રવાસના અંતે તેઓ પણ આ પ્રકારનું સંગઠન શરૂ કરવા તત્પર થયા હતા.

**મોટા માણસના અભિમાન કરતાં નાના માણસની શ્રદ્ધા ધાર્યુ કામ કરી જાય છે.**

## ગ્રામ આરોગ્ય અને સ્વચ્છતા સિમિતી ક્ષમતાવર્ધન તાલીમના પ્રતિભાવો

### ભલગામ

ગ્રામ આરોગ્ય અને સ્વચ્છતા સમિતિ બાબતે તાલીમ પૂર્વની જાણકારી મળી. ભંડોળનો ઉપયોગ તથા સગર્ભા બહેનો અને કિશોરી બહેનો સાર–સંભાળ માટે માહિતી મળી.

આગેવાન કેવો હોવો જોઈએ. એકતાથી થતા ફાયદાઓ તેમજ કાર્ય આયોજન કરતા શીખ્યા, બી.પી.માપતા શીખ્યા, ખાંડની જેમ રહેતા શીખ્યા.

કોઈ પણ કાર્યને સરળ કંઈ રીતે કરી શકાય, ભેદભાવ ન રાખવા જેવી બાબતો તાલીમમાં વધું ઉપયોગી લાગી.

તાલીમથી શીખવા મળેલી બાબતોનો ઉપયોગ સમાજકલ્યાણ અને જરૂરીયાતમંદ વ્યકિતઓની સાથે કરીશું. તેનો ભવિષ્યમાં અસરકારક ઉપયોગ કરવામાં તે મદદરૂપ થઈ શકશે.

### મોટીમોણપરી

ગ્રામ આરોગ્ય અને સ્વચ્છતા સમિતિના સભ્યો સ્થાનિક હોવાથી સમજી શકે છે. આ ઉપરાંત સમિતિ માંથી કોઈપણ સભ્યને આગેવાન બનાવી શકાય છે. સભ્ય એવા પસંદ કરીએ કે આપણને મદદ કરે અને સ્વચ્છતાના કામમાં મદદરૂપ થાય.

તાલીમ દરમિયાન એવું પણ જાણવા મળ્યુંકે ગ્રામ આરોગ્ય સ્વચ્છતા સમિતિમાં સભ્યની ભૂમિકા અને જવાબદારીઓ વિષે જાણકારી મળી. ગ્રામ આરોગ્ય અને સ્વચ્છતા સમિતિમાં જનસમુદાય છ સભ્યો અને પાંચ સભ્યો સ્ટાફના હોવા જોઈએ. તેમાંથી જનસમુદાયના સભ્યોમાંથી પ્રમુખ અને સ્ટાફના સભ્યોમાંથી મંત્રી તરીકે નિમણુંક થાય છે. આ ઉપરાંત ગ્રામ આરોગ્ય અને સ્વચ્છતા સમિતિના તાલીમમાં સભ્યોની મીટીંગ કેવી રીતે બોલાવવી, ચલાવવી અને ત્યારપછી તેની અમલવારી કરવા અંગે માહિતી મળી.

મમતાડોળી યોજના, ચિરંજીવીયોજના, મમતા સંભાળ યોજના, બાળસખાયોજના, રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વિમા યોજના એવી વિવિધ યોજનાઓ વિશે જાણકારી મળી. મમતા દિવસની ઉજવણી તથા વિવિધ યોજનાઓના મળતા લાભની જાણકારી મળી.

### મોટાકોટડા

ગ્રામ આરોગ્ય અને સ્વચ્છતા સમિતિ ક્ષમતાવર્ધન તાલીમમાં મોટાભાગના બહેનો જ જોવા મળતા હતા. આ તાલીમમાંથી અમને આરોગ્યલક્ષી જ્ઞાનમાં ઘણો વધારો થયો. આશાવર્કર બહેનો અને નર્સબહેનોને આ તાલીમમાંથી આરોગ્યને લઈને ખુબજ જાણકારી પ્રાપ્ત થઈ હતી. તેમને સારા આરોગ્ય માટે થઈને કેવી કેવી કામગીરી કરવાની હોય છે.

**આળસુ માણસ હંમેશા દેવાદાર બને છે અને બીજાને માટે ભારરૂપ રહે છે.**

તેની પણ વધારે માહિતી પ્રાપ્ત થઈ. વિવિધ યોજનાઓ વિશે માહિતગાર થયા હતા. આપણા જાહેર સ્વાસ્થ્યના અધિકારોની જાણકારી મળી. સ્વાસ્થ્યને લગતા તમામ વિડિયો તેમજ પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા તાલીમાર્થીઓને સમજવામાં અનુકુળતા થઈ. જાહેર આરોગ્યતંત્રનું પાયાનું માળખું કેવું હોય છે. તેના વિશેની સમજ પણ આપી હતી. વી.એચ.એસ.સી.(ગ્રામ આરોગ્ય સ્વચ્છતા સમિતિ)ની અંદર કેવા કેવા પ્રકારના સ્ટેપ બાય સ્ટેપ કાર્યક્રમો આવે છે. તેના વિશે માહિતગાર થયા હતા. અલગ અલગ પ્રકારની રમતો અને નાટકોએ ખુબજ ધ્યાન ખેંચાયું હતું.

**કાલસારી**

ગ્રામ આરોગ્ય અને સ્વચ્છતા સમિતિના સભ્યોની તાલીમમાં કાલસારી ગામ ખાતે બે દિવસની ક્ષમતાવર્ધન તાલીમ યોજવામાં આવી હતી. જેમાં તાલીમાર્થીઓના પ્રતિભાવોમાં જાણવા મળ્યું કે શિક્ષણ વિશે માહિતી અને ગામનો કેવી રીતે વિકાસ થાય તેની માહિતી મળી. આ ઉપરાંત માતા તથા બાળકની કઈ રીતે સંભાળ લઈ શકાય તે જાણવા મળ્યું. આરોગ્ય કેન્દ્ર પર દવા અને તપાસના સાધનો ઉપલબ્ધ હોવા જોઈએ તે જાણકારી મળી તથા કાર્ય દરમિયાન પડતી મુશ્કેલીઓના ઉકેલ મળ્યા. તાલીમની પધ્ધતિઓ જેવી કે રમતનો પાવરપોઈન્ટ, પ્રેઝન્ટેશન વિગેરે ખુબ સારી હતી.

તાલીમ દરમિયાન ઘણી બાબતો શીખવા મળી જેમાં જોઈએ, તો એંજંડા કેવી રીતે બનાવવા, કાર્યક્રમોનું આયોજન કેવી રીતે કરવું. ગ્રામ આરોગ્ય સ્વચ્છતા સમિતિની રચના અને તેની ફરજો આગેવાન કેવો હોવો જોઈએ. તેની માહિતી મળી અને મુકતભંડોળ કયા કયા ઉપયોગ કરી શકાય જેનું આયોજન કરી વ્યવસ્થિત સમિતિની સાંકળ જોડી રાખવી જોઈએ. તેમજ સ્વાસ્થ્ય યોજનાની વિશેષ જાણકારી મળી.





**કામગરા માણસને એક જ ભુત પજવે છે, આળસુને હજાર ભુતો પજવે છે.**

## પ્રાર્થનાનું વજન

થેલીમાં કંઈક વસ્તું લઈને એક ગરીબડી લાગતી સ્ત્રી કરિયાણાની દુકાનમાં દાખલ થઈ. એના ચહેરા પર ચિંતા અને લાચારી હતા. દુકાનદારને આજીજી કરી કે પોતાની તાંબાની તપેલીનાં બદલામાં અનાજ કે ચોખા જે કંઈ આવે તે આપે. બાળકો બે દિવસથી ભૂખ્યા હતા. ધણીને છેલ્લા તબકકાનું કેન્સર હતું. ઘરમાં વેચવા માટે આ એક તપેલી સિવાય કંઈ પણ બચ્યું ન હતું. જો એના બદલામાં થોડું સીધું મળી જાય તો બાળકોના પેટમાં કંઈક પડે એવી આશા સાથે આજીજી કરી, પેલા વેપારી પર કોઈ અસર ન થઈ. પોતે જૂના વાસણના બદલામાં કરિયાણું આપવાનો ધંધો નથી કરતો એવો એનો જવાબ હતો. તેમ છતા વારંવારની એની વિનંતીઓથી વેપારી ગુસ્સે થઈ ગયો ખબર નહી કયાંથી સવારમાં આવા ભિખારાં આવી ચડે છે. તે એવું બબડીને એણે પેલી સ્ત્રીને દરવાજા તરફ આંગળી ચીંધીને જતા રહેવા કહયું. રડતી રડતી એ સ્ત્રી બહાર જતી જ હતી કે ત્યાં ઉભેલાં એક ગ્રાહકને એના પર દયા આવી. એણે વેપારીને કહયું કે એ તપેલીમાં ભારોભાર જે કંઈ આવે તે પેલી સ્ત્રીને આપે, અને જો વસ્તુઓની કિંમત તપેલીની આશરે કિંમત કરતા વધારે થશે તો ઉપરના પૈસા એ પોતે ચૂકવી દેશે. દુકાનદાર હવે ફસાયો. જો ના પાડે તોપણ ભૂંડો લાગે. વડકું ભરીને એણે એ સ્ત્રીને ત્રાજવાના એક પલ્લામાં તપેલી અને ખરીદીનું લિસ્ટ મુકવા કહયું. પેલી સ્ત્રીની જરૂરિયાતો એટલી બધી હતી કે શેનું લિસ્ટ બનાવે. એણે એક નાની ચબરખી પર કંઈક લખ્યું. પછી તપેલીમાં એ ચબરખી મૂકી. દુકાનદાર એ ચબરખી લેવા જાય તે પહેલા એ બોલી ઉઠી કે ભાઈ એક કામ કરોને તમે એ ચિઠી વાંચવી રહેવા દો. તપેલીની ભારોભાર ચોખા, ઘઉંનો લોટ, ખાંડ અને દાળ જે કંઈ થોડું થોડું આવે એટલું આપી દો. એટલું કહી પછી માથું ઝુકાવીને એ ઉભી રહી. દુકનાદારે તુચ્છકારના ભાવ સાથે થોડાક ચોખા, થોડીકખાંડ, થોડોલોટ અને દાળ બીજાં પલ્લામાં મૂકયાં થયુ કે બધું મુઠી મુઠી નાખીશ એટલે પલ્લું નમી જશે પણ તેમ થયું નહી. એણે બધી જ વસ્તુંઓ ડબલ માત્રામાં નાખી છતાં પલ્લું તો એમ જ રહયું. તાંબાની એક તપેલીનો આટલો ભાર કંઈ હોઈ શકે ? આશ્ચર્ય સાથે એ બધી વસ્તુંઓ ઉમેરતો જ ગયો. ત્રાજવાનું એ પલ્લું હવે વધારે વસ્તુઓ સમાવી શકે નહી તેટલી હદે ભરાઈ ગયું પણ નમ્યું તો નહી જ દુકાનદાર આભો બની ગયો. એને સમજાતું ન હતું કે શું બની રહયું છે ? પલ્લામાં જયારે એક પણ વસ્તું વધારે સમાઈ શકે તેવી શકયતા ન રહી ત્યારે ઉમેરવાનુ બંધ કર્યું. બધી વસ્તું એક મોટા થેલામાં ભરીને એણે પેલી સ્ત્રીને આપી. પેલો અન્ય ગ્રાહકનો તેમજ દુકાનદારનો આભાર માની આંસુભરી આંખો સાથે એ સ્ત્રીએ વિદાય લીધી. કહયા પ્રમાણે બધી વસ્તુંઓના ૫૦૦ રૂા. પેલા ગ્રાહકે ચુકવી દીધા. બે માંથી એકેયને સમજાતું ન હતું કે તપેલીનું વજન આટલું બધું વધી શા માટે ગયું ? દુકાનદારે પેલી સ્ત્રીએ લખેલી ચબરખી તપેલીમાં ઉઠાવીને ખોલી. એમાં પેલી સ્ત્રીએ લખ્યું હતું કે હે ભગવાન હું શું લીસ્ટ બનાવું અને શેનું શેનું લિસ્ટ બનાવું, તું મારી જરૂરિયાત જાણે જ છે, તું મને એટલું જોખાવી આપજે. દુકાનદાર અને પેલો ગ્રાહક એકબીજા સામે જોઈ રહયા. દુકાનદારે તપેલી ઉઠાવીને જોયું તો પલ્લાનો એ તરફનો હિસ્સો તૂટી ગયો હતો. એ કંઈ ન બોલી શકયો. અંતરના ઉંડાણમાંથી ઉઠેલી પ્રાર્થનાનું વજન કેટલું હોય એ આજે એને બરાબર સમજાઈ ગયું હતું.

***પ્રેમ કેવી રીતે કરવામાં આવે છે તે ફકત સ્ત્રીઓ જ જાણે છે.***

## નાતાલ

આપણે વર્ષ દરમિયાન વિવિધ તહેવારો ઉજવીએ છીએ. તહેવારો આપણા જીવનમાં તાજગી અને ઉમંગ લાવે છે. ધાર્મિક તહેવારો આપણી ધર્મભાવનાને પ્રોત્સાહન આપે છે. દરેક ધર્મના કેટલાક વિશિષ્ટ તહેવારો હોય છે નાતાલ ખ્રિસ્તીઓનો મોટો તહેવાર છે.

નાતાલનો તહેવાર દર વર્ષ ૨૫મી ડિસેમ્બરે ઉજવાય છે. આ દિવસે પેલેસ્ટાઈનના બેથલેહેમ ગામમાં ભગવાન ઈસુનો જન્મ થયો હતો એમના પિતાનું નામ જોસેફ અને માતાનું નામ મેરી હતું. આ દિવસે આકાશમાં એક પ્રકાશિત તારો દેખાયો હતો. આથી બાળકમાં દૈવી ગુણો હોવાની બધાને શ્રદ્ધા બેઠી. ભગવાન ઈસુએ મોટા થઈને સમાજ સુધારણાનું કામ કર્યુ. તેમણે પાખંડી ધર્મગુરુઓને ખુલ્લા પાડયા. લોકોને જીવનનો સાચો રાહ બતાવ્યો. પાખંડી ધર્મગુરુઓએ રાજાની કાનભંભેરણી કરીને ઈસુને મુત્યુદંડની સજા અપાવી વધસ્તંભ પર ચડીને પણ દયાના સાગર ઈસુ એટલું જ બોલ્યા હતા કે, હે પ્રભું તું આ લોકોને માફ કરજે, કારણકે તેઓ શું કરી રહયા છે. તેનું તેઓને ભાન નથી. તેમણે ખ્રિસ્તી ધર્મ સ્થાપ્યો. બાઈબલ નામે ખ્રિસ્તીઓને ધર્મગ્રંથ આપ્યો. બાઈબલએ જીવન જીવવાની ઉતમ રીતો દર્શાવી છે.

**– સંકલન : રાજેશ રાઠોડ**

## ચોરેલ કવિતા

કાગજ પે ઈતિહાસ લિખા હૈ
રામ ગયે વનવાસ લિખા હૈ ,
રામ લોટને હી વાલે હૈ
પંડિતને અંદાજ લિખા હૈ,
કયા રામ કી ચિઠ્ઠી આઈ હૈ?
મસ્જિદ તોડી શાબાશ લિખા હૈ,
જો ના હિંદુ ના મુસ્લિમ
ઉનકા તો અવીનાશ લિખા હૈ,
દંગે મે મર ગયે ભુખે બેબસ
ધર્મરાજ મે ત્રાસ લિખા હૈ,
કહેતા કોન બરાબર હૈ સબ?
જિસને લિખા બકવાસ લિખા હૈ.

**– ચૌહાણ દીપાબેન**

### પોલીસ સપોર્ટ સેલ

સૌરાષ્ટ્ર કચ્છ નેટવર્ક ઓન વાયોલન્સ અગેઈન્સ્ટ વીમેનની સાથી સંસ્થાઓની ચાલતી કામગીરીમાં મહિલા ન્યાય સમિતીનુ એક માળખુ તૈયાર થયેલ છે. જેને ન્યાયિક તથા પોલીસ કાર્યવાહી સાથે સાંકળવાનું શરુ કરતા ગત વર્ષમાં રાજકોટ ખાતે સાવારાજ દ્વારા તેમજ આ વર્ષથી અમરેલી ખાતે એસએસકેકે દ્વારા પોલીસ સપોર્ટ સેલ શરુ થયેલ છે તે માટે ટાટા ઈન્સ્ટીટયુટ ઓફ સોશ્યલ સાયન્સીઝના પ્રતિનિધિ શ્રી દુર્ગેશ એ આ બંને સેન્ટરની મુલાકાત લીધી હતી.

***સ્ત્રી એ મોટામાં મોટું દુઃખ પણ હોઠો પર સ્મિત સાથે સહી લે છે.***

## Well wisher of this month

| | |
|---|---|
| Rahul Bichpuriya | 3000 |
| Himanshu Patel | 1000 |
| Shubhamoy Das | 1000 |
| Vikas Trust | 100 |
| Bhairav Mehta | 936 |

**પ્રિય વાચક મિત્રો,**

ટપક માટે આપ, સહયોગ રાશિ મોકલી શકો છો. ટપકને મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફ્ટ થી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનાં નામે મોકલવા વિનંતી છે. આપની આસપાસ બનતા બનાવો કે જે બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો તેથી અન્ય લોકો તે વિશે માહીતગાર બનશે.

– ટપક ટીમ

## Angage on this month

- 1-2 VH & SC members Training - Motimonpari.
- 2 SKVAW meeting
- 8-9 VH & SC members Training -Bhalgam
- 8-9 Farmers (VRTI-Nalia) visit of SSKK for information about producer company
- 15-16 VH & SC members Training -Bhalgam
- 19 Start Aribharat training at Hariraj by NABARD
- 21 TISS representative visit for police support cell in Amreli

Matadar Jagruti Abhiyan in all days of this month.

**માહિતી અધિકાર હેલ્પલાઈન : ૯૯૨૪૦૮૫૦૦૦**

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. L2/41/G-AMI-91/2008**
**Valid Upto 31/12/2011**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SskK

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**સુખની ચાવી ત્યાગ અને સ્નેહપૂર્વક સમાધાન છે.**